THE LIFE

OF

[Shet]h Byramji Nashirwanji Seervai J. P.

શેઠ બેરામજી નશરવાનજી શીરવઇ જે. પી.

તેમનું દુઃખદાયક મરણ અને તેમની જીંદગીના તથા પરમાર્થી
કામોનો હેવાલ છબી સાથે.

(સને ૧૨૮૪ ના ઝોરાસ્ટ્રીયન કાલેન્ડર ઉપરથી.)

સોરાબજી મનચેરજી જગોશે "મુંબઈ વરતમાન પ્રેસ" માં, મી૦ નાદરશાહ વકીલના બંગલામાં,
નં૦ ૪૬૨ પ્રોક્ટર રોડ, ગ્રાંટ રોડ, મુંબઈ ખાતે છાપ્યું છે અને
સોરાબજી તથા હોરમસજી મનચેરજી જગોશે ખેતવાડી ૮ મી ગલી અને વાકા મોહલ્લા, ચીરાબજાર,
મુંબઈ ખાતે પોતે રચીને પ્રગટ કીધું છે.

યઝદેજરદી સને ૧૨૮૪.

ઇસ્વી સને ૧૯૧૪.

શેઠ બેરામજી નશરવાનજી સીરવાઈ, જે. પી.

ઉમર વરસ ૯૦.



જનમ—રોજ ૨૫ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૧૯૩ યઝદેજરદી,
તારીખ ૨૪ મી જુન સને ૧૮૨૪ ઈસ્વી,
સંવત ૧૮૮૦ ના જેઠ વદ ૧૨ ને વાર ગુરૂ.

મરણ—રોજ ૧૭ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૨૮૩ યઝદેજરદી,
તારીખ ૨૬ મી મે સને ૧૯૧૪ ઈસ્વી,
સંવત ૧૯૭૦ ના જેઠ સુદ ૧ ને વાર ભોમ.

મરહુમ શેઠ બેરામજી નશરવાનજી શીરવાઇનું દુઃખદાયક મરણ.

તેમની ઉપયોગી જીંદગી અને નાની મોટી સખાવતો.

પારસી ગુજસ્તે સાલે જે કેટલાક નામીચા તથા કોમહીતકારી પારસી જરથોસ્તીઓના ભોગ લઇ અમને વીલાંપમાં નાખી છે, તેઓમાં મરહુમ શેઠ બેહરામજી નશરવાનજી શીરવાઇનું મરણ એક આગેવાન જગા રોકે છે. તે કારણે, તથા તેમની ઉપયોગી અને ધડો લેવા જોગ જીંદગીના સબબે, તેમની મુબારક શબી સાથે, તેમની જીંદગીનો વિગતે હેવાલ આ ઝોરાસ્ત્રીઅન કેલેંડરમાં જાલવી રાખવાની અમે જરૂર સમજીએ છીએ. મરહુમ શેઠ બેરામજી શીરવાઇ જોકે, હાલના વખતમાં થોડાજ વિલાઓ પહોંચી શકે એવી, નેવું વરસની પાકી વયે બેહસ્ત-નશીન થયા છે, તોપણ તેમનું મરણ સામાન્ય રીતે આપણાં મુંબઇ શહેર તથા ઇલાકાને, અને ખાસ કરી પારસી કોમને, એક મોટી ખોટજ છે. તેમની જીંદગી જેટલી સાહસીક તેટલીજ, બલકે તે કરતાં વિશેષ સખાવતી છે; અને તેમની સખાવત મોટે ભાગે જોકે પોતાની કોમની બેહતરી માટે થઇ છે, તોપણ તે બહુ મોટી, માનભરેલી, અને હજારો રૂપ્યાની હદે પહોંચેલી છે; અને તે સખાવતોનું મંડાણ તેમની જવાની તથા કારકીરદીની શરૂઆત સાથેજ થયું હતું. તેઓ જોકે આપણા મુંબઇ શહેરના એક માનવંત, માતબર તથા આગેવાન શહેરી હતા, તોપણ તેમનું મૂળ વતન, "ધરમ ટેકરી" ગણાતો પેલો નવસારી કસ્બો છે, કે જે કસ્બો કુડીબંધ સાહસીક, સખી, સદ્દગૂણી, ધર્મીદાતા પારસી નરરત્નોને જન્મ આપવાની મગરૂરી ધરાવે છે, અને તે તેની મગરૂરીમાં શેઠ બેરામજી શીરવાઇએ એક મોટો ઉમેરો કરી આપ્યો છે. તેઓ એક શક્તીવાળા તથા મોભાદાર પીતાના પુત્ર હતા; છતાં પાછળથી તેઓ જે પહેલા વર્ગનાં માન મરતબા તથા માતબરી એ પહોંચ્યા તે તો તેમના પોતાના આપબળનુંજ પરિણામ હતું. પોતાના પીતા તરફથી તેઓ દોલત દરજ્જાના કરતાં જે એક ખાસ વારસો પામ્યા હતા, તે તનદરોસ્તી, કદાવરી તથા લાંબી જીંદગીનો હતો. એટલે, તેમના પીતાશ્રી નવાણું વરસની—કહો કે આખી એક સદીની—અસાધારણ તથા તનદરોસ્ત જીંદગી ભોગવવાને ભાયગશાલી થયા હતા, કે જેટલી લાંબી જીંદગી આ જમાનામાં એક નવાઇજ ગણાય છે; જ્યારે ખુદ શેઠ બેહરામજી શીરવાઇ નેવું વરસની એટલે લગભગ પોતાના પીતાની બરાબરની જીંદગી ભોગવી ગયા છે, જે અલબતે તેમની માતબરી સાથે તેમના મીતાહારપણાનું પણ પરીણામ હોવું જોઇયે. તેમનો ખાસ ધંધો રોજગાર કંત્રાકત તથા કાર્ટીંગ એજન્સીનો હતો, જે મુખ્યત્વે બોમ્બે બરોડા એન્ડ સેંટ્રલ ઇન્ડીયા રેલવેના સંબંધમાંજ હતો, અને તે કેટલો બહોલા પાયાપર, પ્રમાણિકપણે તથા માનવંત રીતે ચલાવ્યો હશે તેનો ખ્યાલ એટલાથીજ આવશે કે, તેના પ્રતાપે તેઓ શ્રીમંત થયા તે ઉપરાંત તે કંપની તરફથી તેની તમામ રેલવે લાઇનો ઉપર હંમેશ ફર્સ્ટ ક્લાસમાં મફત મુસાફરી કરવા માટેની ચાંદીની તખ્તીવાલી પાસ મેલવવાને ભાયગશાલી થયા હતા.

મરહુમ શેઠ બેરામજીની જીંદગીની ખરી મોટાઇ તો તેમની સખાવત, દયાદાન તથા ધરમ ધ્યાનમાં સમાયલી છે. એવણે પોતાની દોલતનો સદ ઉપયોગ સખાવત, દયાદાન તથા ધરમધ્યાનમાં કરી તે વડે મનુષ્ય જાતીની સેવા બજાવી તેમનાં જીગરના આશીષ મેલવીયા છે. મરહુમ શેઠ બેરામજી સખી વર્ગના મનુષ્યોમાંના એક ધર્મીદાતા થઈ ગયા છે. હેઠલ આપેલી

તેમની જીંદગીના હેવાલમાં તેમની સખાવતોની જે વિગત હારેક્ટાર આપી છે તે ઉપરથી જોઇ શકાશે કે, તેમની સખાવત મોટી, હજારો રૂપ્યાની, બોહોળા વિસ્તારમાં ફેલાયલી, તથા માણુસ જાતના સંકટો ટાલવા જોડે તેમનામાં કેળવણી, નીતિભકતી તથા ધરમધ્યાન વધારનારી હતી, અને તેથી ખરેજ હજારો નાચાર બેચારોની હાજત ટલી તેમને થોડી ઘણી રાહત મલેલી હોવી જોઇયે. અત્રે તેમની જે સખાવતો નોધાઈ છે તે તો જાહેર છે; પણુ તે ઉપરાંત ગરીબોને લગન કરવા, નવજોત કરવા, મરણુ ક્રીયાનો ખરચ કરવા માટે આપેલી તેમની ખાનગી સેંકડો રૂપ્યાની સખાવતો પણુ ઘણી કહેવાય છે, જેની પિછાન તો જેમને તેનો લાભ મલ્યો હોય તેઓજ કરી શકે. તેમની સખાવત મોટે ભાગે, તથા મોટી રકમોમાં, પારસી જરથોસ્તીઓના લાભની થયલી જણુાય છે; પણુ તે છતાં સામાન્ય તથા સાર્વજનીક સખાવતો કરવામાં તેઓ પછાત પડયા ન હતા. દાખલા તરીકે રેલ, આગ, દુકાલ વગેરેની કુદરતી આફતોમાં ફસી પડેલાં કમનસીબ લોકોને મદદ કરવાનાં ફંડો તથા ખાતાંઓ વગેરેમાં મનમાનતી રકમો ભરવામાં તેઓ કદી પછાત પડતા ન હતા. તેમ કેટલાંક સાર્વજનીક કેળવણી ખાતાંઓ પણુ તેમની સખાવતનો લાભ મેલવી શક્યાં છે. દાખલા તરીકે, નવસારીની હાઇસ્કુલની નાદર ઇમારત તેમનીજ સખાવતનું ફલ છે. ઇમારત ઉપરાંત એ ઉપયોગી કેલવણી ખાતાંને તેઓએ બીજી પ્રકારે પણુ મોટી મદદ કરી પોતાના હંમેશના આભારમાં મેલ્યું છે. એ ઉપરાંત બીજાં કેટલાંક સાર્વજનીક ફંડો, ખાતાંઓ તથા લીસ્ટો પણુ તેમની મદદનો ફાલો પામેલાં છે. એ મરહુમ શેઠ જેટલા સખાવતે બહાદૂર, તેટલાજ ધર્મચુસ્ત હતા. પોતાના પાકીઝેહ જરથોસ્તી ધર્મનાં ક્રિયા ભણુતરોપર તેઓ જાન કુરબાન, અને કોમી પુરાતન રેવાજો પ્રત્યે ફીદા હતા, અને તેથી ધર્મશાળા ઉપરાંત અગીઆરીઓ સ્થાપવા વગેરે દીનદારીનાં અનેક સ્થલો, તેમના નિભાવની પકકી ગોઠવણો સાથે, તેઓ બરપા કરી ગયા છે. ઉદવાડા સ્ટેશનથી ઉદવાડા ગામ સુધીની સડક જોકે તેમનાં ધર્માભિમાન તથા કોમ હીતથી જન્મ પામેલી હતી, તોપણ તેનો લાભ સર્વ જાત ન્યાતના હજારો બલકે લખો લોકોને મળ્યો હતો. અલબતે તેમની સખાવતનો "સિંહનો હીસ્સો" તેમનાં વહાલાં તથા ધર્મી વતન નવસારીને મલ્યો છે, જ્યાં સદરહુ હાઇસ્કુલ બીલડીંગ ઉપરાંત, "સીરવઇ પાર્ક" "સીરવઇ હોલ" વગેરે અનેક યાદગાર કામો તેમની મદદના પ્રતાપે બરપા થયાં છે. સાર્વજનીક કરતાં વધારે તેમનાં સખાવતી કામો ત્યાં તેમના ધરમ તથા કોમના ફાયદાનાં થયાં છે, જેમાં એક યાદગાર કામ આ થયું છે કે, તેઓએ સને ૧૮૫૬ નાં વરસમાં, એટલે આજથી આસરે પાંચ દાહેકાની વાતપર નવસારીના પાકીજેહ ફેબલા આતશ બેહરામ માટે રૂ. ૧૦૦૦૦ ની મોટી રકમનું ચાંદીનુ અફરગાન્યું અર્પણુ કીધું હતું. આ સખાવત તેમની કદાચ પેહલ વહેલી હશે, અને એ મહાન સખાવત સાથેજ તેમની સખાવતી કારકીર્દી શરૂ થયલી જણુાય છે.

નવસારી પ્રત્યેની એ મરહુમ શેઠની મોટી સેવાઓ તથા સખાવતોથી ચકીત થઇ વડોદશના નામદાર મહારાજા શ્રી ગાયકવાડ સયાજીરાવે થોડુંજ થયું પોતાના જનમોતસવના માંગલીક દીવસે તેમને "દાતાર મંડલ"નું ઘણું મોટું માન કિંવા ખેતાબનો સોનેરી ચાંદ અર્પણુ કીધો હતો, જે બનાવ તેમની કારકીરદીનાં તાજમાં એક કીર્તિનાં પીછ સમાન છે. નવસારી મધે એક ભવ્ય મેલાવડામાં એ ચાંદ તેમને અર્પણુ કરતાં, મહારાજા સયાજીરાવ તરફથી તેમની પ્રશંસામાં કેહવામાં આવેલા નીચલા શબ્દો અત્રે નોંધી લેવા જોગ છેઃ—

"બીજા ગ્રહસ્થ જેઓને આજે માન મળનાર છે તેઓ ૯૦ વરસની વયના વરધ સખી વજુદ અને નવસારીના પારસી સદગ્રહસ્થ શેઠ બેહરામજી નસરવાનજી સીરવઇ છે. તેઓએ પોતાની

લાંબી જીંદગીભર જાહેર પ્રજાના હીત માટે કર્તવ્ય કરયું છે અને જાહેર ઉપયોગી કામો અને બીજી સંસ્થાઓને પઇસાની મોટી સખાવતો આપી મદદ કરી છે, જેમાં મુખ્ય નીચે મુજબ છેઃ—(૧) નવસારી હાઇ સ્કુલનું મકાન બાંધવામાં મદદ રૂ. ૨૦૦૦૦ (૨) નવસારીમાં સીરવઈ બાગની યોજનામાં રૂ. ૬૫૦૦ (૩) નવસારી હાઇસ્કુલના મકાનના વીસ્તાર માટે રૂ. ૧૦૦૦૦ (૪) નવી હાઇસ્કુલના વીદ્યાર્થીઓને વાર્ષીક મીઠાઇ વહેંચવાના ફંડમાં રૂ. ૧૫૦૦ (૫) સીતાબાઇ ટાવર નવસારીમાં મોટું ઘડીયાલ મુકવા રૂ. ૮૦૦. એ ઉપ્રાંત પારસી કોમનાં ભલા માટે જુદી જુદી રીતે રૂપ્યા બે લાખ ઉપ્રાંત સખાવત કરી છે. પ્રથમ તેઓએ જે જાહેર સેવાઓ કરી છે તેના બદલામાં બી. બી. સી. આઇ. રેલ્વેમાં મુસાફરી કરવાને પેહલા વર્ગની પાસ તેમને મળેલી છે. વળી તેઓ મુંબઇના જે. પી. છે. તેઓને આજે 'દાતાર મંડલ'ના સુવર્ણ પદકનું જે માન મળે છે તેને સર્વથા યોગ્ય છે."

ગાયકવાડ સરકાર તરફથી મરહુમ શેઠ બેરામજી શીરવઇને આ રાજકય માન, ચાંદથી મલ્યું હતું તેમ નામદાર અંગ્રેજ સરકાર તરફથી બી તેમને સારૂ માન મલ્યું હતું. મરહુમ શેઠ બેરામજીની પીછાન નામદાર સરકાર તરફથી તેઓને મુંબઇના સુલેહના અમલદાર તથા કોરપોરેશનના મેમ્બર નેમીને કરવામાં આવી હતી. વળી બીજી ઘણીક જાહેર કમીટીઓના મેમ્બર હોવાનું માનબી તેઓ ભોગવી ગયાછે. પારસીઓને લગતાં તો ઘણા ખાતાંઓની કમીટીના મેમ્બર ઉપરાંત કેટલાંક ખાતાંના પ્રમુખ પણ તેઓ નેમાયા હતા. ટુંકમાં, મરહુમ શેઠ બેરામજી શીરવઇની જીંદગી કીર્તીવંત તથા તેમની કારકીરદી નકલ કરવાજોગ અને તેમની સખાવતો ઉપકારને લાયક છે. પારસી કોમમાં તેઓ એક શેઠયા સમાન ગણાતા, અને તેમની શેઠાઇ નામનીજ નહી પણ કોમ ઉપયોગી હતી. તેમનાં મરણમાં પારસી કોમે એક મદદગાર શેઠયો, અને મુંબઇ શેહરે એક દીલસોજ શેહરી, તથા નવસારી કસ્બાએ એક માયાલુ મુરબ્બી ખોહયો છે. આપણે તેમનાં પાક રવાનને બેહસ્તનો બદલો ઇચ્છીશું, અને તેમની સખાવતો વગેરેનાં નીચલાં કાર્યો હેસાન સાથ યાદ કરતા રહીશું.

મરહુમ શેઠ બેરામજી નશરવાનજી સીરવાઇની જીંદગીનો જાણવાજોગ હેવાલ તથા એવણે કરેલી સખાવતની વીગત.

મરહુમ શેઠ બેરામજી નશરવાનજી સીરવઇનો જન્મ નવસારી ખાતે રોજ ૨૫ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૧૯૩ યજદેજરદી, યાને તા૦ ૨૪ મી જુન ૧૮૨૪ ને દીવસે થયો હતો. એઓ સાહેબ ૯૦ વરસની બુઝરગ વયે રોજ ૧૭ મો માહા ૯ મો સને ૧૨૮૩ યઝદેજરદીને દીને બેહેસ્તનશીન થયા હતા.

મરહુમ શેઠ બેરામજીના પીતા બેહેસ્તનશીન શેઠ નશરવાનજી સીરવાઇ એવણ કરતાં પણ વધારે મોટી જીંદગી ભોગવવા સામર્થવાન થયા હતા અને તેઓ સને ૧૮૭૩ની આખેરીએ સો વરસના બુઝરગ થવા પછી મરણ પામયા હતા. મરહુમ શેઠ નસરવાનજીનો જનમ સને ૧૭૭૪માં થયો હતો એટલે આ બંને બાપબેટા સાથે મળી સને ૧૭૭૪ થી ૧૯૧૪ સુધી ૧૪૦ વરસની જીંદગી ગુજારવા પામયા હતા. પારસી કોમમાં એ બંને બાપબેટા આ પ્રમાણે છેક આટલી લાંબી ઉમર ભોગવવા પામયા એ બનાવ ખરેજ એક રેકરડ સમાન લેખી શકાશે અને આવા દાખલાઓ ઘણાં જવલેજ બનવા પામે છે તેનું કારણ એ છે કે હાલની ઓલાદના જમાનાં

સુધી પારસી કોમના બાળ લગનનો રેવાજ હસતી ધરાવતો હતો. બાળ લગનના પરીણામમાં બંને બાપ અને બેટા આટલી લાંબી ઉમર ભોગવવા પામે એ ઘણુંજ મુશકેલ છે, કારણકે જ્યારે એક શખસ પંદર યા સોલ વરસની ઉમરે પીતા થવા પામે છે તયારે બાપ અને દીકરાની જીંદગીની આખેરી વયવહારૂ રીતે જોતાં લાંબો ખાંચો પડયા વગર સાયેજ આવે છે. જ્યારે મરહુમ શેઠ બેરામજી સીરવાઇના પીતાની વય ૫૦ વરસની હતી તયારે તેઓનો જનમ થયો હતો.

૧૯૦૭ ના સાલમાં સુરતના મરહુમ દાવર એદલજી મોદીની જીંદગી અને તેઓના પીતાની જીંદગી સાથે મળી ૧૩૭ ઉપર થવા ગઇ હતી જેવો બનાવ આગળ તે વેળા ઘણો અસાધારણ લેખવામાં આવતો હતો પણ મરહુમ શેઠ સીરવાઇનો દાખલો ઉપલા દાખલાને બાજુએ બેસાડે એવો છે, કારણકે એ બંને બાપબેટાએ અસાધારણ લાંબી જીંદગી સાથે સાથે ગુજારી છે અને એ રેકરડને ભવીશામાં કદાચજ તોડવામાં આવે એમ છે.

શેઠ બેરામજીએ કરેલો વેપાર.

શેઠ બેરામજીએ સને ૧૮૯૦ થી બેંડીંગ એંડ ફોરવરડીંગ કોનટ્રેકટર તથા કારટીંગ એજંટનો ધંધો કરવા માંડયો હતો. એવણ ૧૮૯૪ ના સાલથી કારટીંગ કંત્રાકટર તરીકે વડોદરા રેલવે સાથ સંબંધ ધરાવતા હોવાથી એવણને વડોદરા રેલવે કંપની તરફથી ૧૯૦૯ ના મે માસમાં કંપનીની લાઇન ઉપર હંમેશ મફત મુસાફરી કરવા માટે ચાંદીની પાસ ભેટ મળી હતી. તેમજ એવણે પોતાની ચાલાકીથી કારટીંગ એજનસીનું જે કામ બજાવ્યું હતું તે માટે રેલવે સતાવાળાઓ તરફથી ઘણી સરસ સરતીફીકેટો આપવામાં આવી છે. વડોદરા રેલવેમાં વરસો સુધી કારટીંગ એજંટનું કામ કરવા ઉપરાંત જી. આઇ. પી. રેલવેમાં તથા બોમબે ગેસ કંપનીમાંબી કેટલાક વરસો સુધી એ કામ એવણે ઘણી બાહોશીથી બજાવ્યું હતું.

શેઠ બેરામજીએ કરેલી સખાવતો.

શેઠ બેરામજીની જાહેર સખાવતનો કુલે આંકડો લગભગ બે લાખ રૂપ્યા કરતાં વધુ રકમનો થવા જાય છે. એવણે ગરીબ ગુરબાઓના લગન કરવા, નવજોત કરવા, મરણની ક્રીયા કરવા તેમજ બીજા એવાં કામો માટે ખાનગી રીતે સેંકડો રૂપ્યાની રકમ આપી હતી. એ ઉપરાંત નાવર મરતબ કરવા સારૂબી મરહુમે સારી નાણાની મદદ કીધી હતી. મરહુમ શેઠ બેરામજી તરફથી વડોદરા ખાતે એક ધરમશાળા બાંધી આપવામાં આવી હતી, અને એમાં એક ઓરડામાં દાદગાહની એક દરેહમેહરબી સ્થાપવામાં આવી હતી. એ બંને રોજ ૯ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૨૩૭ યઝદેજરદીને દીને બંધાઇ તૈયાર થયાં હતાં પણ તે પછી એ ધરમશાળા તથા દાદગાહનું મકાન રોજ ૨૦ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૩૮ યઝદેજરદીને દીવસે ઇજીને ખુલ્લા મુકવાની ક્રીયા કરવામાં આવી હતી. એ દરેહમેહરમાં વાપરવા માટે ક્રીયા કામને લગતાં ઓજારો અને વાસણોબી એવણે ભેટ આપ્યાં હતાં. એ પાછલ મરહુમ શેઠ બેરામજીને રૂપ્યા ૨૦૦૦૦ નો મોટો ખરચ થવા ગયો હતો. એ ઉપરાંત એ દરેહમેહર ખુલી મુકાયાને દીવસે શેઠ બેરામજીએ રૂ. ૨૦૦૦ ની પાંચ ટકાની સરકારી લોન એના નીભાવ માટે આપી હતી. એ પછી એવોએ મુંબઇ ખાતે પોતાના બંગલામાં ૫૦ સને ૧૨૩૫ માં દાદગાહની દરેહમેહર પરથાવી તે દીને એવો સાહેબ તરફથી જાહેર કરવામાં આવ્યું હતું કે બીજા વધુ રૂ. ૩૦૦૦) ની ૫ ટકાની સરકારી લોન આપવામાં આવી છે જેથી કુલે રૂ. ૫૦૦૦ અનામત રાખી એનું વ્યાજ દર વરસે વદોડરાની જરથોસ્તી અનજુમનના

ટ્રસ્ટી સાહેબો ઉપર મોકલવામાં આવશે. એ માટે એવો બંદોબસ્ત કીધો હતો કે એ રકમનું જે બ્યાજ ઉપજે તેમાંથી દર મહીનાના જશનો તથા છ ગહમ્બારના જશનો, અને જાથુક્ની ૨) બતી રાખવી તેમજ માણસને તથા મરામત વગેરેનો ખરચ કરવો. એ ધરમશાળા તથા દરેહમેહર ખુલ્લી મેલાયાને દીવસે વડોદરાની જરથોસ્તી અંજુમને શેઠ બેરામજીને એક શીયાલ ઓઢાડી માનપત્ર એનાયત કીધું હતું.

શેઠ બેરામજીએ રૂપ્યા પાંચ હજારનું બ્યાજ ઘણા વરસો સુધી વડોદરા ખાતે ખરચ કરવા મોકલાવ્યું હતું. એ પછી શેઠ બેરામજી તથા એ દરેહમેહરના તથા ધરમશાળાના વહીવટ કરનારાઓ વચ્ચે વરસો સુધી વાંધો પડયો હતો, જે પાછલથી સમાધાન થવાથી શેઠ બેરામજીએ એ ધરમશાળા તથા અગીઆરીના નીભાવ માટે રૂ. ૮૦૦૦ ની રકમ મુંબઇની પારસી પંચાયતના ટરસ્ટી સાહેબોને સને ૧૯૦૭ માં એવી સરતે આપી હતી કે એનું જે બ્યાજ ઉપજે તે વડોદરાની કારોબારી કમીટી ઉપર મોકલવું અને તેમાંથી એને લગતો યોગ્ય ખરચ કરવો. એ વખતે એ ધરમશાળામાં વાપરવા માટે શેઠ બેરામજીએ વાસણો, ફરનીચર, તથા ઘોલ્યા બીછાના ભેટ આપ્યા હતા જે પાછલ એવોને લગભગ રૂ. ૬૦૦ નો ખરચ થવા ગયો હતો. એવો શેઠે કરેલી આ વધુ સખાવત માટે વડોદરા ખાતે તા૦ ૩૦ મી દીસેમબર સને ૧૯૦૬ ને દીને એ ધરમશાળાના મકાનમાં વડોદરાની જરથોસ્તી અંજુમને મરહુમશેઠ બેરામજીને ઘણુ સારૂ આદરમાન આપી એવણુના માનમાં એક ખાણાનો મેલાવડો કીધો હતો. એ વખતે એવણુને અંજુમન તરફથી એક શીયાળ ઓઢાડવામાં આવી હતી. સને ૧૯૦૯ ના સાલમાં એવો શેઠે લગભગ રૂ. ૪૦૦ ખરચી એ મકાન રીપેર કરાવ્યું હતું. હાલમાં એ મકાન બીસમાર હાલતમાં આવવાથી મરહુમ શેઠ બેરામજીએ પોતાની હૈયાતીમાં રૂ. ૨૦૦૦ ની રકમ એ મકાનની મરામત કરાવવા સારૂ આપવા જણુાવી હતી.

શેઠ બેરામજીએ મજગામ ખાતે પોતાના રહેવાના બંગલામાં (વાડીમાં) રૂપ્યા ચાલીસ હજારના ખરચે દાદગાહની એક દરેમેહર અલાહેદી બંધાવી તેને પરથાવી ખુલ્લી મેલવાની ક્રીયા રોજ ૧૫ મો માહા ૫ મો શેહેનશાહી સને ૧૨૩૯ યઝદેજરદી તા૦ ૩ જી ફેબરવારી સને ૧૮૭૦ ઇસ્વી દીને કરવામાં આવી હતી. એમાં આતશ પાદશાહ હમેશા રોશન રાખવા માટે રૂ. ૨૦૦૦ ની સરકારી લોન અનામત રાખી હતી. એ ઉપરાંત એ દીવસની ખુશાલીમાં એવો શેઠે બીજા વધુ રૂ. ૨૦૦૦ ની સરકારી પાંચ ટકાની લોન નીચલા ચાર ધરમખાતાંઓમાં આપી હતી કે મુદ્દલ રકમ અનામત રાખી ફકત એનું બ્યાજ વાપરવું:—સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલનત ઇનસ્તીત્યુશનના ફંડમાં રૂ. ૫૦૦, મુંબઇના જરથોસ્તી રવાનોને અવલમંજલ પોહોચાડવાના ફંડમાં રૂ. ૫૦૦, નવસારીની સર કાવશજી જાહાંગીર મદરેસાના ફંડમાં રૂ. ૫૦૦ અને નવસારીના બગર સાથના મોબેદોના ગહંબારના ફંડમાં રૂ. ૫૦૦. મજગામવાળી આ દરેહમેહર પાછલથી બંધ કરવામાં આવી હતી.

મરહુમ શેઠ બેરામજીએ નવસારીના આતશબેહેરામ મધે કેબલો રાખવાને રૂ. ૧૦૦૦૦ની કીંમતનું એક મોટું રૂપાંનું આફ્રરગાન્યું તા૦ ૨૭ મી નવેમ્બર ૧૮૬૬ ને રોજ ૬ ઠો માહ ૩ જો સને ૧૨૩૬ યઝદેજરદીને દીને ભેટ આપ્યું, અને એજ દીને તે આફ્રરગાનીયાંમાં આતશ રોશન કરી તે ગામનાં બધરાં માટીઅની ન્યાત એવણે પોતાનેજ ખરચે જમાડી હતી.

શેઠ બેરામજીએ સને ૧૮૯૭ ના સાલમાં કરાંચીની દરેહમેહરના ફંડમાં રૂ. ૨૦૦ અને નવસારીની દરેહમેહરના મોબેદો અત્રે આવ્યા હતા તેઓએ પોતપોતામાં સને ૧૮૮૨ માં એક ધરમનું ફંડ ઉભું કરયું તેમાં રૂ. ૫૦૦ ભરીયા હતા. વળી એવો શેઠ તરફથી ઉદવાડા ખાતેના આતશબેહરામમાં ચેરાગ વરસો થયા એવણુના ખરચે મુકવામાં આવે છે.

શેઠ બેરામજીએ રૂ. ૩૦૦૦૦ની સાડા ત્રણુ ટકાની સરકારી લોન ધરમ ખાતે ત્રસ્ત કરી યઝદેજરદી સને ૧૨૭૭નાં સાલમાં આપી હતી, કે એના વ્યાજમાંથી મુકતાદ ટાંકણે એમના ગરીબ બેશીઓમાં વહેંચાણુ કરવું, નવસારી ખાતે વરસના ૬ ગહમબાર થાયછે તેનો ખરચ કરવો, તથા નવસારીના આતશબેહેરામને બોય દેવાનો તથા એ આતશબેહરામમાં દરરોજ સુખડ આપવામાં આવે છે તેનો ખરચ કરવો વગેરેની ગોઠવણુ કરવામાં આવેલી છે.

શેઠ બેરામજીના બાવા બેહેસતનશીન શેઠ નોશરવાનજીએ નવસારી ખાતે એક ગહમબાર કરવા સને ૧૨૩૫ ના સાલમાં રૂ. ૧૦૦૦ આપ્યા હતા, તેના બાજમાંથી હજી સુધી દર વરસે નવસારી ખાતે મરહુમ શેઠ બેરામજીના માતાજી બાઈ માણેકબાઇને નામે શહરેવર મહીનાના મારેસપંદ રોજે એક ગહમબાર કરવામાં આવે છે.

નવસારી મધે સર કાવસજી જહાંગીર મદરેસા માટે નામદાર ગાયકવાડ સરકારે જમીનની બક્ષેશ કીધી તે ઉપર શેઠ બેરામજીએ લગભગ રૂ. ૨૦૦૦૦ નો મોટો ખરચ કરી મકાન બંધાવી આપયું, જે તા૦ ૨ જી જાનેવારી ૧૮૫૭ ને દીને ખોલ્લું મુકવામાં આવયું હતું. એ મકાનને "ધી બેરામજી નશરવાનજી સીરવઇ બીલડીંગ" એવું નામ આપ્યું છે. એ મદરેસાનું મકાન ખુલ્લું મુકવાના થયલા સુરત વખતે એવણુ તરફથી લગભગ સાડાત્રણુ હજાર રૂપ્યાનો ખરચ કરવામાં આવ્યો હતો. એ મદરેસાના મકાનમાં બીજો વધારો કરવા માટે બાંધકામના ખરચ માટે એવો શેઠે સપટેમબર સને ૧૯૧૩ માં ગયે વરસેજ રૂ. ૧૦૦૦૦ ની વધુ મદદ કીધી હતી. વળી એ મદરેસાના ઇનામના થતા મેલાવડા વખતે દર વરસે વીદ્યારથીઓને મીઠાઈ અપાવવા સારૂ સને ૧૮૯૨ ના નવેમ્બર માસમાં રૂ. ૫૦૦ ની રકમ વ્યાજ વાપરવા માટે આપી હતી.

આ મદરેસાને એવો શેઠે કરેલી ઉપલી મોટી સખાવત માટે એ સ્કુલમાં એવણુનું મારબલનું પુતલું મુકવામાં આવ્યું છે જે પાછલ લગભગ રૂપ્યા બે હજારનો ખરચ થવા ગયો હતો. એવણુને તા૦ ૯ મી અકટોબર ૧૮૫૬ ને દીને નવસારી જરથોસ્તી મદરેસાની કારોબાર મંડળીના સબાસદ નેમયા હતા. તે પછી તા૦ ૧૪ મી જાનેવારી ૧૮૮૦ ને દીને મજકુર મદરેસાની પુંજી જાળવવા માટે શેઠો ખરશેદજી નશરવાનજી કામાજી, ખરશેદજી રૂસતમજી કામાજી અને ખરશેદજી માણેકજી શેઠના જોડે શેઠ બેરામજીની પણુ એક ત્રસ્ટી તરીકે નેમણુક થઇ હતી.

શેઠ બેરામજીએ પોતાની મજગામ ખાતેની બોહોળી જગયા મધેથી એક ટુકડો સેંટ જોન મીશન સ્કુલના નવા બંધાતાં મકાન માટે ભેટ આપયો હતો, જેની કીંમત લગભગ રૂપ્યા પંદર હજારની થવા જાય છે. મરહુમ શેઠ બેરામજીએ જુદી જુદી નીશાળોના ફંડોમાંબી નાણુાની સારી રકમ ભરી હતી, તેમાં સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલટ ઇન્સ્ટીટયુશનને તા૦ ૨૧ મી એપ્રીલ સને ૧૮૭૦ ને દીને રૂ. ૫૦૦, તા૦ ૧૪ મી ફેબરવારી સને ૧૮૫૮ ને દીને જરથોસ્તી છોકરીઓની નીશાળ મંડળીને લગતી નીશાળોમાં એકઝીબીશનો ભરવા તથા ઇનામો વહેંચવા માટે રૂ. ૧૦૦૦ અને ગણુદેવી મધેની કાવસજી જહાંગીર રેડીમની ગણુદેવી ઇંગલીશસકુલને સને ૧૮૭૩ ના સાલમાં નકશા, યંત્રો, પુસ્તકો વગેરે ખરીદવા રૂ. ૬૦૦ ભેટ આપ્યા હતા. એવણુ સાહેબ આજ વરસો થયા વડોદરા કેમ્પની ગવરમેન્ટ વરનાકયુલર સ્કુલના છોકરાઓ માટે પીવાનું પાણી ભરાવી આપતા હતા, જે માટે દર વરસે એવણુને રૂ. ૪૨ નો ખરચ થવા જતો હતો.

ઇંગલંડ મધેથી વઇદાંની પુરતી તાલીમ પામેલી ઓરતોને મુંબઇ બોલાવી વઇદાંનો ધંધો ચલાવવા અને બની શકે તો અત્રેની ગ્રાંટ મેડીકલ કાલેજમાં તેવીજ તાલીમ અત્રેની ઓરતોને

આપવા માટે મરહુમ શેઠ શાપુરજી સોરાબજી બંગાલી અને મી૦ જી. એ. ફ્રીટરીડજની મદદથી ઉભાં થયલાં ફંડમાં ૧૮૮૩ નાં સાલમાં શેઠ બેરામજીએ રૂ. ૨૫૦ ભરયા હતા.

શેઠ બેરામજીએ નવસારી ખાતે લગનસરા નવજોત વગેરે કરવા માટે ધરમખાતે જાહેર વપડાસ સાર એક હોલ રૂ. ૧૦૦૦૦ ની મોટી રકમ ખરચી બંધાવી આપ્યો છે જે રોજ ૨૯ મો માહા ૧૨ મો ય૦ સને ૧૨૭૪ ને દીને ખુલ્લો મુકવામાં આવ્યો છે, અને એને "શેઠ બેરામજી નશરવાનજી સીરવાઇ હોલ" એવું નામ આપ્યું છે. એ હોલમાં ગયે વરસે એવણે ૧૨ બાંકો તથા વાપડવાનાં વાસણો ભેટ આપ્યાં હતાં.

શેઠ બેરામજીએ નવસારી ખાતે લુનસીકુઇનાં મેદાનને રેલીંગ, બાજટો, ફાનસો, ફુવારો, ઝાડના પીંજરા વગેરે રૂ. ૬૦૦૦ ને ખરચે કરાવી આપ્યું હતું જે સરવે તા૦ ૨ જી જાનેવારી સને ૧૯૦૮ ને દીને જાહેર વપડાસને માટે ખુલ્લા મેલવામાં આવ્યાં હતાં. એ જગ્યાને 'શેઠ બેરામજી નશરવાનજી સીરવાઇ પારક' કરી નામ આપવામાં આવ્યું છે.

એવો શેઠે નવસારી ખાતે સીતાબાઇ ટાવરની અંદર એક મોટું ઘડયાલ મુકાવ્યું છે જે માટે રૂ. ૮૦૦ નો ખરચ થયો હતો.

શેઠ બેરામજીએ સુરત ડીસ્ત્રીકટ લોકલ બોરડને ઉદવાડા રેલવે સટેશનથી આતશબેહેરામ સુધીની સડક બાંધવા માટે રૂ. ૨૦૦૦ ની રકમ તા૦ ૨૮ મી મારચ સને ૧૮૭૦ ઇસવીને દીને આપી હતી. સને ૧૮૯૮ આગમજ ઉદવાડાનું રેલવે સટેશન ન હોંવાને લીધે ત્યાં જવા માટે પારડી સટેશને ઉતરી પગ રસતે આઠ માઇલની મુસાફરી કરવી પડતી હતી. આ ઉપરથી શેઠ બેરામજીએ બરોડા રેલ્વે કુંપનીના એજંટ ઉપર તા૦ ૧૬ મી અકટોબર ૧૮૯૮ ને દીને એક કાગજ લખી ઉદવાડા સટેશન બાંધવા માટે અરજ કરી હતી, અને તે ઉપરાંત તે કામમાં પોતે મદદ આપવાની મરજી દેખાડી હતી. આ ઉપરથી તા૦ ૧૧ મી જુન ૧૮૯૯ ને દીને મજકુર રેલવેના એજંટ મી૦ કરીએ શેઠ બેરામજીપર વળતો પત્ર લખી તેમની અરજ બહાલ રાખેલી જાણુવી તેમને લખયું કે, રેલ્વે સટેશન રેલ્વે કંપનીના ખરચે બાંધવામાં આવશે. ફકત રેલવે સટેશનથી આતશબેહેરામ સુધીની સડક પારસીઓએ પોતાને ખરચે બાંધવી. ત્યાર બાદ ઉદવાડાનું સટેશન તા૦ ૨૩ મી ડીસેમબર ૧૮૯૯ થી ચાલુ થયું અને તે પછી હાલનું જાથુકનું ઉદવાડા સટેશનનું મકાન તા૦ ૧ લી જાનેવારી ૧૮૯૬ થી ખોલ્લું મેલાયું હતું.

શેઠ બેરામજીની સખાવતનો એક ભાગ જો કે નાની નાની રકમોથી બન્યો હતો, તોપણ તેનો સામટો સરવાળો લેતાં એક મોટી રકમ થવા જાય છે. વળી એવણે સંખ્યાબંધ ફંડોમાં નાખલી મોટી રકમો ભરી હતી, જેમાંના કેટલાક ફંડોને લગતી વીગત હેઠળ જણુવવામાં આવી છે.

શેઠ બેરામજીએ સને ૧૮૭૦ ના સાલમાં અત્રેના ભીંડી બજારના લતા ઉપરની 'કાંદાવાળા મોહલ્લા રીડીંગ રૂમ' ને ફરનીચર વગેરે માટે. રૂ. ૬૦૦ ની તેમજ વખતો વખત નાણાની સારી મદદ આપી હતી. એવણુ એજ લાયબ્રેરીની કારોબારી મંડળીના સને ૧૮૭૩ થી ૧૮૮૧ સુધી સરનશીન નેમાયા હતા. એવણે તા૦ ૫ મી જુલાઇ ૧૮૮૪ ને દીને નવસારીની મેહેરજી-રાણા કેતાબખાનાને રૂ. ૫૦૦ નું પોરટ ટ્રસ્ટ બોંડ વ્યાજ વાપરવા આપ્યું હતું તથા સુરત રૂસતમપુરા મધેની જરથોસતી રીડીંગ રૂમને ફરનીચર માટે રૂ. ૨૦૦ ની બક્ષેશ કરી હતી.

શેઠ બેરામજીએ સને ૧૮૯૮ માં અત્રેના ચંદનવાડીના લતા ઉપર રહેનારાં જરથોસતી બાળકો માટે શેઠ પેસતનજી શાપુરજી માસતરની નીશાળને લગતી એક કસરતશાળા સથાપવા

માટેનાં ફંડમાં રૂ. ૧૦૦૦ અને સર દીનશાહ માણેકજી પીટીટવાળી કસરતશાળાને તા૦ ૧૧ મી એપ્રીલ ૧૮૫૨ ને દીને રૂ. ૬૦૦ નાં પોરટ ટ્રસ્ટ બોંડ વ્યાજ વાપરવા સારૂ બક્ષેશ કીધા હતા.

શેઠ બેરામજીએ તા૦ ૨૦ મી નવેમબર ૧૮૭૩ ને દીને અત્રેના ટાઉન હોલમાં પ્રજાને વાપરવાને માટે રૂ. ૨૧૦૦ ની કીમતનો એક પીઆના ફોરટ ઇંગલંડથી મંગાવી ભેટ આપ્યો હતો.

શેઠ બેરામજીની મદદથી સુરત મધે રૂસ્તમપરામાં એક ધરમનું દવાખાનું તા૦ ૨ જી જુલાઇ ૧૮૭૪ ને દીનથી ઉઘાડવામાં આવ્યું હતું અને એવણુ એ દવાખાનાને નાણાની સારી મદદ કરતા રહયા હતા. તેમજ એઓ સાહેબે ૧૮૬૭ મા મેમની ધરમાદા ડીસપેનસરીમાં રૂ. ૧૦૦ આપ્યા હતા.

શેઠ બેરામજીએ મુંબઇના દોખમાને લગતા મુકદમાના ખરચને સારૂ તથા દોખમાંઓને લગતી જગોની આસપાસ ફરતી દીવાલ બાંધવા વગેરેના ખરચ માટેના ફંડમાં તા૦ ૧૫ મી નવેમ્બર સને ૧૮૭૫ ને દીને રૂ. ૫૦૦ ની રકમ આપી હતી. તેમજ એ ફંડમાં એવણુના ધણીયાણી બાઇ માણેકબાઇએબી રૂ. ૧૦૦૦ આપ્યા હતા. વળી એવો શેઠે તા૦ ૩ જી જુન ૧૮૭૦ ને દીને ચીખલીના દોખમાં ફંડમાં રૂ. ૩૦૦ આપ્યા હતા.

શેઠ બેરામજીએ નવસારી ખાતે ગોલવારમાં સને ૧૮૫૮ માં રૂપ્યા એક હજારને ખરચે એક કુવો બંધાવી આપ્યો હતો. તેમજ બીજો કુવો નવસારીના દુબરવાડમાં બી બંધાવ્યો હતો. વળી એવણુ નવસારીના લુનસી કુઇનો હવાડો વરસો થયા બરાવતા આવ્યા હતા, જે માટે દર વરસે રૂ. ૧૨૫ આપતા હતા. એ મુજબ ઉદવાડા ખાતેબી હવાડો દર વરસે રૂ. ૫૦ ને ખરચે બરાવતા હતા.

શેઠ બેરામજીએ સને ૧૮૫૯ નાં સાલમાં ઇરાન મધે ચાલેલા સખત દુકાળ વેળા ત્યાંના ગરીબ જરથોસતીઓને દુકાળના પંજામાંથી બચાવવા માટેનાં ફંડમાં રૂ. ૫૦૦ અને એજ સાલમાં ઇરાન મધેના જરથોસ્તીઓને જજીઆના કર અને એવાજ બીજા જુલમાટમાંથી મુક્ત કરવા અત્રેના પારસીઓએ બીજું ઉઘરાણું કીધું હતું તેમાં રૂ. ૩૦૦ ભરયા હતા.

સને ૧૮૬૮ માં ગુજરાત મધે ભારે વરસાદ અને રેલના સબબથી અમદાવાદ, ખેડા અને બીજા જીલ્લાના ધરબાર વીનાનાં થઇ પડેલાં લોકોને સંકટ સમયે મદદ આપવાનાં ફંડમાં શેઠ બેરામજીએ રૂ. ૧૦૦૦, તા૦ ૨૧ મી સપટેમબર ૧૮૭૫ ને દીને અમદાવાદ મધે સાબરમતી નદીનાં પાણી ૮ થી ૧૦ ફીટની ઉંચાઇએ ચઢી જવાથી ત્યાં જંગી રેલ આવીને શેહેરના ઘણાક ભાગો ધોઇ નાંખવાથી ધરબાર વીનાના લાચાર થઇ પડેલાંઓને તાતકાળીક મદદ આપવાનાં ફંડમાં એવણે રૂ. ૫૦૦ ભરવા ઉપરાંત તા૦ ૭ મી જુલાઇ ૧૮૮૩ ને દીને સુરત મધે આવેલી મોટી રેલથી નાશ થઈ સંકટમાં આવી પડેલા ગરીબ લોકોને મદદ કરવાનાં ફંડમાં રૂ. ૧૦૦ તેમજ તા૦ ૫ મી મારચ ૧૮૮૩ ને દીને કુલાદગી જીલ્લાનાં ઇલકાલ ગામમાં આવેલી રેલમાં તારાજ થયલાંઓને મદદ આપવનાં ફંડમાં રૂ. ૧૦૦ ભરયા હતા.

સને ૧૮૭૬ માં વરસાદની અછતને લીધે ખાનદેશ તથા દખણુ મરાઠા દેશમાં દુકાળ પડયો હતો, તેનાં સંકટમાં આવી પડેલાંઓને મદદ કરવા સારૂ ફંડ ઉભું કરવા નેમાયલી કમીટીમાં શેઠ બેરામજીની નેમણુક થઇ હતી, અને એ ફંડમાં એવણે રૂ. ૫૦૦ ની મદદ કરી હતી. તેમજ સને ૧૮૬૬ ના સાલમાં બંગાળ ઇલાકાના ઓરીસા, ચીતાગોંગ, કટક, બાલાસોર વગેરે પ્રાંતોમા મોટો દુકાળ પડવાથી ત્યાંના લોક કલકત્તા શેહેર તરફ નાસી આવ્યા હતા, તેઓને તેમજ મધરાસ તરફનાં લોકને પણુ એવીજ રીતે દુકાળ વખતે મદદ કરવાનાં ફંડમાં શેઠ બેરામજીએ રૂ. ૫૦૦ ભરયા હતા.

સને ૧૮૮૩ ના ડીસેમબર માસમાં કલકતા મધેના એકઝીબીશનમાં મુંબઇ ઇલાકાની પેદાયશો મોકલવા માટેના ઉભાં થયલાં ફંડમાં શેઠ બેરામજીએ રૂ. ૧૦૦ ભરયા હતા.

શેઠ બેરામજીએ તા૦ ૩૦ મી આગસટ ૧૮૭૮ ને દીને મરહુમ શેઠ પેસતનજી મેરવાનજી તબાકના ઉઠમણામાં રૂ. ૫૦૦ ધરમ ખાતે આપ્યા હતા. એવણે તા૦ ૮ મી આગસટ ૧૮૭૭ ને દીને વડોદરા મધેના નસેસાલારોનાં ફંડમાં રૂ. ૫૦૦ ની રકમ ભરી હતી.

શેઠ બેરામજીએ તા૦ ૧૧ મી અકટોબર ૧૮૭૨ ને દીને મરહુમ સર કાવસજી જહાંગીરજી રેડીમની સી. એસ. આઇ. ની યાદગારી રાખવા માટેનાં ફંડમાં રૂ. ૫૦૦) અને તા૦ ૪ થી મે ૧૮૭૨ ને દીને મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઇની યાદગારી રાખવાના ફંડમાં રૂ. ૨૫૦ ભરયા હતા.

તા૦ ૧૪ મી નવેમબર ૧૮૭૨ ને દીને હીંદુસતાનના નામદાર વાઇસરાય લોરડ નોરથબરૂક મુંબઈ ખાતે એક દરબાર ભરવાને આવનાર હોવાથી તેમને આવકાર દેવાને અને મુંબઇ શેહેરને રોશનીથી શણગારવાને માટે ઉભાં કીધેલાં ફંડમાં શેઠ બેરામજીએ રૂ. ૬૦૦ ભરયા હતા. તેમજ ૧૮૭૫ ના સાલમાં નામદાર મરહુમ મહારાણી વીકટોરયાના પાટવી કુંવર પ્રીનસ ઓફ વેલ્સ મુંબઈ આવનાર હોવાથી તેમને લાયક આદરમાન આપવાને અને જાહેર રોશની કરવા માટેનાં ફંડમાંથી રૂ. ૧૦૦૦ એવણે ભરયા હતા.

તા૦ ૧૨ મી મારચ ૧૮૮૦ ને દીને મુંબઇના ગવરનર સર રીચરડ ટેંપલ ઓધો છોડી ઈંગલંડ જતા હોવાથી તેમને સેવટનું માન આપવા અને તેમની યાદગારી કાયમ રાખવા માટેનું ફંડ ઉભું કરવા એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. આ સભા મધે કરેલાં ઉઘરાણાંની ટીપમાં તેજ વેળા શેઠ બેરામજીએ રૂ. ૧૦૦ ભરયા હતા. એ મુજબ સને ૧૮૮૪ ના નવેમ્બર માસમાં હીંદુસ્તાનના નામદાર ગવરનર જનરલ લોરડ મારકવીઝ ઓફ રીપન પોતાનો ઓધો છોડી ઇંગ્લંડ ગયા તે વેળા તેમને માન આપવા અને તેમને નામની એક હુનરશાળા સ્થાપવા માટે ઉભા કીધેલાં જાહેર ફંડમાંથી એવણે રૂ. ૭૫૦ ભરયા હતા.

શેઠ બેરામજીને મળેલું જાહેર માનપાન.

શેઠ બેરામજીને તા૦ ૩૧ મી જુલાઇ ૧૮૭૩ ને દીને નામદાર સરકારે સુલેહના અમલદાર નેમયા હતા.

શેઠ બેરામજીએ કીધેલી મોટી સખાવતોની પીછાણમાં વડોદરાના નામદાર માહારાજા શીવાજીરાવે થોડુંજ થયું તેમને "દાતાર મંડળ" નો સોનાનો ચાંદ એનાયત કીધો હતો.

શેઠ બેરામજી ૧૮૭૪ ના સાલની મુંબઇની મયુનીસીપલ કોરપોરેશનના સભાસદ તરીકે નેમાયા હતા, જોકે કોરપોરેશનમાં તેમની નેમણુંક કોઇ વેળા પ્રજા, કોઇ વેળા સુલેહના અમલદાર, તો કોઇ વેળા સરકાર તરફથી એકસરખી રીતે કરવામાં આવતી હતી.

દસતુર એરચજી સોરાબજી મેહેરજીરાણા તથા એમ૦ મનચેરજી શાપુરજી વાછાએ "ઇઅશત બા માએની" નામે ખોરદેહ અવસતામાની દશ યશતોનો ગુજરાતીમાં તરજુમો કરી તેનું એક પુસતક તા૦ ૨૦ મી જુન ૧૮૭૨ ને દીને છપાવી પ્રગટ કીધું હતું. એ પુસ્તક શેઠ બેરામજીને અરપણ કરવામાં આવ્યું હતું.

શેઠ બેહરામજીની જુદી જુદી કમીટીમાં થયલી નેમણુક.

તા૦ ૧૩ મી ફેબરવારી ૧૮૭૪ ના પારસી મુસલમાનોના હુલડ પછી તે વેળાના મુંબઇના ગવરનર સર ફીલીપ વોડહાઉસે કેટલાક આગેવાન પારસીઓને પોતાને બંગલે બોલાવી અંદરખાનેથી પોતાની કંઇક મતલબ સારૂ ધમકી આપી હતી, જે ધમકી કુલ્લે જરથોસતી ટોળાને લાગુ પડતી હોવાથી, મજકુર ગવરનરથી બોલાયલા સખુનો માટે તેના સામે પ્રોટેસ્ટ ઉઠાવી તેની ફરયાદ મરહુમ મહારાણી વીકટોરયા ઉપર મોકલવાને સરવે જરથોસતીઓની જાહેર સભા સર જમશેદજીને બંગલે તેમનાં પ્રમુખપણા હેઠળ મળી હતી. ઉપલી સભાની નેમ બર લાવવા માટે નેમાયલી કારોબારી કમીટીમાં શેઠ બેરામજીની પણ નેમણુંક થઇ હતી.

શેઠ બેરામજીની સને ૧૮૭૮ માં એંગલો ઇંડીયન સપીનીંગ એંડ વીવીંગ કુંપનીની મુંબઇની લોકલ કમીટીમાં નેમણુંક થઈ હતી, જ્યારે ૧૮૯૪ ના એપ્રીલ માસમાં એવણુ બોમબે આઇસ મેન્યુફેક્ચરીંગ કંપનીના ડીરેક્ટર તરીકે નેમાયા હતા.

શેઠ બેરામજીને સને ૧૮૯૩ ના નવેમ્બર માસમાં જરથોસ્તી અંજુમનના આતશ બેહેરામના ફંડના એક તરસ્ટી તથા ખજાનગી તરીકે અને સને ૧૮૯૨ ના જુન માસમાં નામદાર સર જમશેદજી જીજીભાઇએ પારસીઓને વાસ્તે કરેલી સખાવતના ધરમખાતાની કારોબાર મંડલીના એક અધીકારી તરીકે નેમવામાં આવ્યા હતા.

મરહુમના મરણ માટે દલગીરી દરશાવનારા કાગલો, તારો વગેરે મોટી સંખ્યામાં આવ્યા હતા. નવસારીની સર કાવશજી જાહાંગીર જરથોસ્તી મદરેસાની કારોબાર મંડલીએ તા૦ ૩ જી જુને એક ઠરાવ પસાર કરી મરહુમના કુટુંબીઓ ઉપર મોકલાવી આપ્યો હતો.

શેઠ બેરામજીના ઉઠમણા વખતે થયલી સખાવત.

મરહુમ શેઠ બેરામજી નશરવાનજી સીરવાઇના ઉઠમણાની કીયા મુંબઇમાં મંજગામ ખાતેના એવણુના રહેવાના મકાનમાં થઇ હતી. તેમજ ઉડવાડા, સુરત, ભરૂચ, વદોડરા અને નવસારી ખાતે પણ મરહુમના ઉઠમણાની કીયાઓ કરવામાં આવી હતી. નવસારી ખાતે એવણુના થયલા ઉઠમણાની કીયા વખતે ત્યાંની જરથોસ્તી અંજુમનના વડા દસ્તુરજી કેકોબાદજીએ એવણુની સખાવત અને બલા ગુણો વીષે ટુક વીવેચન કરી એવણુનું નામ જાહેર ભણુતરોમાં લેવાનું જણાવ્યું હતું.

મરહુમ શેઠ બેહરામજીનાં મુંબઇ ખાતે થયલા ઉઠમણાની કીયા વખતે એવણુના પુનને સારૂ એવણુની પોતાની પુંજીમાંથી રૂ. ૨૭૧૩ નીચલા ધરમખાતાંઓમાં આપવામાં આવ્યા હતા તેની વીગત:—અંજુમનનાં આતશબેહેરામના નીભાવ ફંડમાં રૂ. ૫૦૦, સર કાવસજી જહાંગીર નવસારી જરથોસ્તી મદરેસાના ફંડમાં મદરેસાના છોકરાઓને મીઠાઇ ખવડાવવા માટે રૂ. ૫૦૦ આગળ આપેલા તે ખાતાંમાં બીજા વધુ ભરીયા રૂ. ૫૦૦, નવસારી મધે શેઠ દોરાબજી મેહેતાના સુવાવડખાનાના ફંડમાં રૂ. ૫૦૦, નવસારીની શેઠ દાણુ પારસી જનરલ હોસપીટલના ફંડમાં રૂ. ૫૦૦, વડોદરાની અંજુમનના ફંડમાં રૂ. ૨૦૦, સુરતની પારસી ઓરફનેજના ફંડમાં રૂ. ૧૦૧, નવસારીની વડી દરેમેહેરના મુકતાદના ફંડમાં મરનારનું નામ દેવા માટે રૂ. ૨૫૧, મુંબઇનાં રવાનોને અવલમંજલ પહોંચાડવાના ફંડમાં રૂ. ૧૦૧, નવસારીનાં રવાનોને અવલમંજલ પહોંચાડવાના ફંડમાં રૂ. ૨૫, નવસારીના દસતુર મોહોલાના માટીડાના બહંબાર ફંડમાં રૂ. ૨૫ અને નવસારીના દસતુર મોહોલાનાં બઇરાંઓનાં બહંબાર ફંડમાં રૂ. ૧૦.